વારાણસીમાં આધુનિક એમ-૩ ઈવીએમનો ઉપયોગ થશે

૨૪ બેલેટ યુનિટ મારફતે ૩૮૪ ઉમેદવારના નામ : ઇવીએમ સાથે ચેડા થવાની સ્થિતિમાં કામ કરવાનું બંધ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંસદીય ક્ષેત્ર વારાણસીમાં મતદાન માટે પ્રથમ વખત આધુનિક એમ-૩ ઈવીએમ પ્રયોગમાં લાવવામાં આવશે. આની વિશેષતા એ છે કે, એક ઈવીએમની સાથે ૨૪ બેલેટ યુનિટ મારફતે ૩૮૪ ઉમેદવારના નામની સાથે નોટા પણ જોડી શકાશે. ચેડા થવાની સ્થિતિમાં ઈવીએમ કામ કરવાનું બંધ કરી દેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વારાણસીમાંથી ચૂંટણી લડી રહ્યા છે. તેમના નામની જાહેરાત કરવામાં આવ્યા બાદથી મોટી સંખ્યામાં ચૂંટણી લડવા માટે દાવેદારો મેદાનમાં આવી રહ્યા છે. મુખ્ય રાજકીય પક્ષોની સાથે સાથે તમિળનાડુના ખેડૂત નેતા અય્યાકન્નુ વારાણસીમાંથી ૧૧૧ ખેડૂતોને ચૂંટણી લડવા કહેવામાં આવ્યું છે. ૨૦૧૪ લોકસભા ચૂંટણીમાં પ્રયોગ કરવામાં આવેલા ઈવીએમમાં મહત્તમ ચાર બેલેટ યુનિટ જોડાઈ જવાથી ૬૪ ઉમેદવારના નામ સામેલ કરી શકાતા હતા પરંતુ હવે ૨૪ બેલેટ યુનિટ મારફતે ૩૮૪ ઉમેદવારના નામ જોડી શકાશે. સાથે સાથે નોટાને પણ જોડી શકાશે.

હવે બીઈએલ તરફથી તૈયાર કરવામાં આવેલા એમ-૩ ઈવીએમમાં એક સાથે ૨૪ યુનિટને જોડી શકાય છે. આવી સ્થિતિમાં ૩૮૪ ઉમેદવાર હોવાની સ્થિતિમાં બેલેટ પેપરના બદલે ઈવીએમથી ચૂંટણી યોજાઈ શકશે. એડીએમ સીટી વિનય કુમારે વારાણસીમાં ઈવીએમ-એમ-૩ના પ્રયોગને લઈને અહેવાલને સમર્થન આપ્યું છે. એમ કહેવામાં આવે છે કે, વારાણસીમાં ૪૭૫૬ બેલેટ યુનિટ, ૩૫૭૮ કન્ટ્રોલ યુનિટ, ૩૫૧૮ વીવીપેટ રાખવામાં આવ્યા છે. જરૂર પડવાની સ્થિતિમાં વધારે બેલેટ યુનિટ મંગાવવામાં આવશે. મહત્તમ એમ-૩ ઈવીએમ ચેડા થવાની સ્થિતિમાં કામ કરવાનું બંધ કરે છે. કન્ટ્રોલ યુનિટ અને બેલેટ યુનિટને મેચ ન કરવા ઉપર પણ કામ થશે નહીં.

પ્રિયંકા ગાંધી ઝંઝાવતી પ્રચાર કરશે

ઉત્તરપ્રદેશની બહાર ૧૦૦ રેલીઓ કરશે : કોંગ્રેસ પાર્ટીની તરફેણમાં માહોલ સર્જવા માટેના પ્રયાસ

ઉત્તરપ્રદેશમાં હાલમાં જોરદાર ચૂંટણી પ્રચાર કરી ચુકેલા અને રોડ શો મારફતે ચર્ચા જગાવનાર પ્રિયંકા ગાંધી વાઢેરા સતત પ્રચાર કરનાર છે. પ્રિયંકા ગાંધી વાઢેરા ઉત્તરપ્રદેશ સિવાય બહાર ૧૦૦ રેલી કરનાર છે. કોંગ્રેસના મહાસચિવ અને પૂર્વીય ઉત્તરપ્રદેશના પ્રભારી પ્રિયંકા હવે જોરદાર રીતે માહોલ સર્જવા માટે તૈયાર છે. લોકસભાની ચૂંટણી માટે પ્રથમ તબક્કાનુ મતદાન થઇ ગયુ છે.રાજનીતિમાં સત્તાવાર રીતે મેદાનમાં ઉતરી ગયા બાદ હવે પ્રિયંકા ગાંધી વાઢેરા ઉત્તરપ્રદેશમાં પાર્ટીમાં નવા પ્રાંણ ફુકવા માટેની તૈયારીમાં છે. દેશના એવા વિસ્તારમાં પણ પ્રિયંકા જનાર છે જ્યા પાર્ટીની સ્થિતી નબળી દેખાઇ રહી છે. એક કોંગ્રેસી નેતાએ કહ્યુ છે કે જમીની રિપોર્ટના આધાર પર યાદી તૈયાર કરવામાં આવી રહી છે. જેમાં એવી સીટો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યુ છે જ્યાં પાર્ટી નબળી સ્થિતીમાં છે. પાર્ટી જ્યાં થોડાક પ્રમાણમાં પણ મજબુત બની શકે છે ત્યાં પણ પ્રચાર કરવા માટે પહોંચનાર છે. હજુ સુધી પ્રિયંકા ગાંધી વાઢેરા ઉત્તરપ્રદેશ સિવાય પ્રચાર માટે બહાર ગયા નથી. જો કે તેઓ ચોથી એપ્રિલના દિવસે કેરળના વાયનાડમાં પ્રચાર માટે પહોંચ્યા હતા. એ વખતે રાહુલ ગાંધીએ ઉમેદવારી નોંધાવી હતી. કોંગ્રેસના વરિષ્ઠ નેતા પ્રિયંકા ગાંધી હવે ઉત્તરપ્રદેશની જેમ દેશના અન્ય હિસ્સામાં પણ મહિલાઓ અને વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરવાની યોજના ધરાવે છે. હાલમાં તો પ્રિયંકા વાઢેરાનુ પૂર્ણ ધ્યાન ઉત્તરપ્રદેશ પર કેન્દ્રિત થઇ ગયુ છે. કેટલીક સીટો પર તો હજુ યુપીમાં ઉમેદવારોના નામ જાહેર થયા નથી

ધાનેરામાં પરબતભાઈની સભામાં પ્રજા ઓછી અને કાર્યકર્તાઓ વધારે

અમારી સરકારે કોઈ ૧૫ લાખ આપવાની જાહેરાત કરી જ નથી : પરબત પટેલ

ધાનેરા, તા. ૧૧

ધાનેરા ભાજપના ઉમેદવાર પરબતભાઈ પટેલે સભા સંબોધી

હતી જેમાં પ્રજા ઓછી અને ભાજપના કાર્યકર્તાઓ વધુ જોવા મળ્યા હતા. મીડિયા ધ્વારા ૧૫ લાખની વાત ઉમેદવારને યાદ અપાવતા ઉમેદવારે જણાવ્યું હતું કે અમારી સરકારે કોઈ ૧૫ લાખ રૂપિયાની જાહેરાત કરી જ નહોતી.

ધાનેરાના મતદારોનું ભેદી મૌન બન્ને પક્ષને મુંઝવણમાં મૂકી રહ્યા છે. ભાજપ દ્વારા ગામડે ગામડે સભાઓ ભરવામાં આવી રહી છે પણ ભીડને ઓળખી ન શકવાના કારણે નેતાઓ મુશ્કેલીમાં મુકાયા છે. ધાનેરાના મતદારોએ ઓફ કેમરાએ વાત કરતા જણાવ્યું હતું કે મગફળી વખતે ચાર ચાર વાર ચક્કાજામ કરવાનો વારો આવ્યો છે રાયડા ખરીદીમાં પણ પોલીસ સાથે ઘર્ષણ થયું હતું છતાં પણ ધાનેરા ભાજપના એક પણ નેતા ખેડૂતો પાસે આવ્યા ન હતા. જેના કારણે ધાનેરાના મતદારો ધાનેરાના સ્થાનિક નેતાઓ સામે ક્યાકને ક્યાંક વિરુદ્ધના સુર પ્રગટ કરી રહ્યા છે. ધાનેરા ભાજપના સ્થાનિક નેતાઓના ભોગે કયાંક પરબતભાઈને નુકસાની વેઠવાનો વારો આવે એવું લાગી રહ્યું છે. બીજી તરફ કોંગ્રેસના ઉમેદવાર

પરથીભાઈ પણ ધાનેરા તાલુકાના મતદારો પર સારી પકડ ધરાવે છે. ત્યારે મતદારો હાલ તો મૌન રહીને બન્ને પક્ષન મુંજવી રહ્યા છે. ધાનેરા ભાજપનો ગઢ ગણાતો હતા પણ હાલના સમયમાં કયાંકને કયાંક ભાજપની પકડ ઓછી થતી જાય છે જેનો સીધો ફાયદો હાલ તો કોંગ્રેસ ઉઠાવી રહી છે. જો મતદારોની વાતને સીધા શબ્દોમાં કહેવામાં આવે તો લોકો પરબતભાઈના લીધે જ સભામાં આવે છે બાકી ધાનેરા ભાજપને મનોમંથન કરવાની જરૂર છે. હર સભામાં થતી ભીડને જો સ્થાનિક નેતાઓ મતમાં પરિવર્તન ન કરી શકે તો ભાજપને જીત માટે કપરા ચડાણ ચડવાનો વારો આવી શકે એમ છે. આજે બનાકાંઠા જિલ્લા લોકોસભા ભાજપન ઉમેદવારે ધાનેરા વિસ્તારમાં વિવિધ સભાઓ સંબોધી હતી જેમાં લોકો ઓછા અને કાર્યકર્તાઓ વધુ નજરે ચડ્યા હતા. ત્યારે રાત્રે ધાનેરાના લાલચોક ખાતે પણ સભા સંબોધી લોકોને માટે આપવા માટે વિનંતી કરી હતી.

લોકસભાના ઉમેદવારને મીડિયા ધ્વારા ૧૫ લાખવાળી વાત યાદ કરાવતા ઉમેદવારે જણાવ્યું હતું કે કોંગ્રેસના લોકો ખોટી અફવા ઉડાવી રહ્યા છે. અમારી સરકારે ક્યારે કોઈ ૧૫ લાખની જાહેરાત કરીજ નથી અત્યારે તો દરેક ઉમેદવાર લોકોને એરસ્ટેઈક અને સર્જીકલ સ્ટ્રાઇક યાદ કરાવી લોકો પાસેથી મતની માંગણી કરી રહ્યા છે ત્યારે બનાસકાંઠાના ઉમેદવાર પણ લોકોને પૂર સહાયની યાદ અપાવી લોકો પાસેથી મત માંગી રહ્યા છે.

ચૂંટણી ફરજ પર રહેલા પોલીસને નમો ફુડ પેકેટ્સ

નોઈડામાં ચૂંટણી ફરજ ઉપર રહેલા પોલીસ જવાનોને નમો ફુડ પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યા બાદ ભારે હોબાળો મચી ગયો છે. આને લઈને ફરિયાદ પણ ઉઠી છે. ચૂંટણી ફરજ ઉપર રહેલા પોલીસ જવાનોને એક સ્થાનિક દુકાન પરથી નમો ફુડપેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. નોઈડામાં આજે સવારે સાત વાગે મતદાનની શરૂઆત થઈ હતી. ગૌત્તમબુદ્ધનગર મતવિસ્તાર હેઠળ નોઈડામાં મતદાન શરૂ થયું હતું. સાંજે છ વાગ્યા સુધી અહીં પ્રથમ તબક્કામાં મતદાન ચાલ્યું હતું. કેટલાક પોલીસ જવાનો જે ચૂંટણી ફરજ ઉપર હતા તેમને નમો ફુડ્સના લેબલ લાગેલા ફુડ પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે, નમો ફુડ શોપ પરથી આ ચીજવસ્તુઓ લેવામાં આવી હતી. કોઈપણ રાજકીય પક્ષ સાથે તેને કોઈ લેવા દેવા નથી. ફુડ પેકેટ્સ યોગ્યરીતે એક કારમાં લાવવામાં આવ્યા હતા અને સેક્ટર ૧૫એમાં ફરજ બજાવતા પોલીસ જવાનોને સવારે ૯.૩૦ વાગે આપવામાં આવ્યા હતા. ગૌત્તમબુદ્ધનગરના પોલીસ અધિકારી વૈભવ ક્રિષ્ણાનું કહવું છે કે, એવી ખોટી માહિતી ફેલાવવામાં આવી હતી કે, એક રાજકીય પાર્ટી તરફથી ફુડ પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રકારના અહેવાલ બિલકુલ ખોટા છે. સ્થાનિક સ્તર પર કેટલાક ફુડ પેકેટ્સ નમો ફુડ શોપથી લેવામાં આવ્યા હતા. કોઈ રાજકીય પાર્ટી પાસેથી લેવામાં આવ્યા ન હતા. કેટલાક લોકોએ એવી અફવા ફેલાવી હતી કે, રાજકીય દ્વેષભાવ સાથે ફુડ પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે. પોલીસે કહ્યું હતું કે, અફવા તરફ ધ્યાન નહીં આપવાની તેમની લોકોને અપીલ છે.

ચૂંટણીનાં માહોલ વચ્ચે લગ્ન કંકોત્રીમાં પીએમ મોદીને વોટ આપવા અપીલ

બનાસકાંઠા, તા.૧૧

હાલ ગુજરાત સહિત આખા દેશમાં ચૂંટણીનો માહોલ ચાલી રહ્યો છે, એટલે લોકો પોતાના તરફ ધ્યાન આકર્ષિત કરવા માટે અવનવા અખતરા કરતા હોય છે. ત્યારે બનાસકાંઠામાં દાંતીયા ગામના પટેલ પરિવાર દ્વારા લગ્ન કંકોત્રીમાં એવો પ્રયાસ કરાયો છે, જેને જાણીને તમામને નવાઇ લાગે. આ પટેલ પરિવારની લગ્ન કંકોત્રીમાં સ્પષ્ટપણે મોદી પ્રેમ દેખાઇ આવે છે.

થરાદના દાંતીયા ગામના પટેલ પરિવારમાં ટૂંક સમયમાં લગ્નનો પ્રસંગ આવી રહ્યો છે. ત્યારે તેમને લગ્ન કંકોત્રીમાં સ્પષ્ટપણે ભાજપ તરફી અનોખો પ્રેમ જોવા મળી રહ્યો છે. તેમને પોતાની કંકોત્રીમાં ૨૦૧૯માં નરેન્દ્ર મોદીને વોટ આપવા માટે પોતાના મહેમાનોને અપીલ કરી છે. આ સિવાય તેમને લગ્ન કંકોત્રીમાં પીએમ નરેન્દ્ર મોદીનો પણ ઉલ્લેખ કર્યો છે.

દાંતીયા ગામના પટેલ પરિવારે વોટ સિવાય જૂનવાણીના ફૂ-રિવાજો છોડી વ્યસન મુક્તિનો પણ સંદેશ આપ્યો છે. સાથે કંકોત્રીમાં ભાજપની જે રીતે વાહવાહી કરી છે તેને જોતા એવું લાગી રહ્યું છે કે તેઓ ભાજપના ચુસ્ત સમર્થક છે, અને પોતાની કંકોત્રીમાં પીએમ મોદીનો ઉલ્લેખ કરી ૨૦૧૯માં પણ પીએમ મોદીને વોટ આપી તેમને જીતાડવા માટે સંદેશ આપી રહ્યા છે. તેઓ કંકોત્રીમાં જણાવી રહ્યા છે કે, આપનો કિંમતી મત ૨૦૧૯માં નરેન્દ્ર મોદી(ભાજપ)ને આપનો મત આપો અને અપવો. બીજી બાજુ ભાજપનું સૂત્ર હર હર મોદી ઘર ઘર મોદીનો પણ ઉલ્લેખ કર્યો છે.

પોતાની જ રેલીમાં ઉમેદવાર ગેરહાજર રહેતા નગરજનો અચંબામાં પડ્યા

ગાંધીનગર,તા.૧૧

લોકસભા ચૂંટણીનાં બીજા તબ્બકાના મતદાનને માત્ર થોડા જ દિવસો બાકી રહ્યા છે. ત્યારે ભાજપ અને કોંગ્રેસ દ્વારા જ્જાવતી પ્રચાર પ્રસાર કરવામાં આવી રહ્યો છે. ભાવનગર લોકસભાની ચૂંટણી પ્રચાર માટે ભાજપનાં પશ્ચિમ વિસ્તારનાં ધારાસભ્ય અને ગુજરાત પ્રદેશ પ્રમુખ દ્વારા પોતાના મત વિસ્તારમાં ભારતીબેન શિયાળ માટે શહેરનાં ચિત્રા-ફુલસર વિસ્તારમાં રેલી સ્વરૂપે પ્રદેશ પ્રમુખ દ્વારા પ્રચાર કરવામાં આવ્યો હતો. પરંતુ ઉમેદવાર વગર જ પ્રચાર પ્રસાર કરવામાં આવતા લોકો પણ આશ્ચર્ય ચકિત થઈ ગયા.

ભાવનગર લોકસભા ચૂંટણી માટે ભાજપ-કોંગ્રેસ દ્વારા ચૂંટણી જીતવા માટે એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યુ છે. ત્યારે ભાજપ દ્વારા આજે ભારતીબેન શિયાળના પ્રચાર પ્રસાર અર્થે ભાજપનાં પશ્ચિમ વિસ્તારનાં ધારાસભ્ય અને પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી દ્વારા આજે પોતાના મત વિસ્તાર ચિત્રા-ફુલસરમાં રેલી સ્વરૂપે કરવામાં આવ્યું હતું.

ભાજપ ઉમેદવારનાં પ્રચારમાં આવેલ પ્રદેશ પ્રમુખ દ્વારા કોંગ્રેસને આડે હાથ લેતા જણાવ્યું હતું કે, ભાજપ ઉમેદવારનાં ચહેરાને લોકો ઓળખે છે. જયારે કોંગ્રેસ દ્વારા છેલ્લી ઘડી સુધી ઉમેદવાર ગોતવામાં ફાફા પડી રહ્યા હતા. જેને કારણે કોંગ્રસ દ્વારા આયાતી ઉમેદવારની પસંગી કરી મેદાને ઉતારવામાં આવ્યા છે.

ડીસામાં ભાજપની સભામાં કોમેડિયન રાજુ શ્રીવાસ્તવના રાજકીય વ્યંગ

ભાજપના ચૂંટણી પ્રચારમાં દિગ્ગજ નેતાઓ સાથે બોલિવૂડના કલાકારોએ પણ સ્ટાર પ્રચારક તરીકે જોડાયા છે. ત્યારે ડીસા ખાતે બનાસકાંઠા બેઠકના ઉમેદવાર પરબતભાઈ પટેલની જાહેર સભામાં પ્રસિદ્ધ કોમેડિયન રાજુ શ્રીવાસ્તવે પોતાના આગવા અંદાજમાં ભરપૂર કોમેડી સાથે દેશભક્તિ અને રાષ્ટ્રભકતિની વાતો રજૂ કરી ભાજપને મત આપવા આહવાન કરાયું હતું. રાજુ શ્રીવાસ્તવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, લાલુપ્રસાદ યાદવ સહિત અનેક નેતાઓની મીમીક્રી કરી શ્રોતાઓને પેટ પકડીને હસાવ્યા હતા. તેમણે પાકિસ્તાનના વડાપ્રધાન ઇમરાન ખાનની પણ ઠેકડી ઉડાડી હતી. રાજુ શ્રીવાસ્તવે ડીસા વાસીઓ ને ભરપૂર મનોરંજનમીરચી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબૂત કરવા ભાજપને મત આપવા હાકલ કરી હતી. આ કાર્યક્રમમાં ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી, ધારાસભ્ય શશીકાંત પંડ્યા,સાધ્વી નિર્મલાપુરી મહારાજ, ભાજપના અગ્રણીઓ, કાર્યકરો તેમજ શહેરીજનોએ બહોળી સંખ્યામાં હાજર રહી રાજુ શ્રીવાસ્તવની મિમિક્રીને માણી હતી.

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના બેલ્યો ૧ પ્રાથમિક શાળામાં છેલ્લા પાંચ વર્ષથી ફરજ બજાવતા ગણિત-વિજ્ઞાનના શિક્ષક રમેશભાઈ જોષીએ ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી એફએસઆઈ અમદાવાદ ખાતે સાયન્ટિફિક આસિસ્ટન્ટની નિમણૂક મેળવતા બેલ્યો ગામ તેમજ શાળાનું ગૌરવ વધારે છે. તેઓએ પ્રાથમિક શિક્ષકની સેવામાં પણ સંશોધન વિજ્ઞાન મેળા, તાલીમ, એસઆરજી, જેવા ક્ષેત્રોમાં પણ વિશેષ કામગીરી કરેલ છે. શાળાના બાળકો શિક્ષકો તેમજ ગ્રામજનોને તેઓને શુભેચ્છા પાઠવી અભિનંદન આપેલ હતા.

શાંતિપૂર્ણ મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તમામ મતદાન મથકો પર પુરતી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. સઘન સુરક્ષા વચ્ચે મતદાનની શરૂઆત થયા બાદ તમામ મતદાનવાળા રાજ્યોમાં શરૂઆતમાં કેટલાક મથકો પર મતદારોની લાંબી લાઈન લાગી હતી. જ્યારે કેટલાક મતદાન મથકો પર શરૂઆતમાં ઓછી ભીડ જોવા મળી હતી. આજે પ્રથમ તબક્કામાં મેદાનમાં રહેલા ૧૨૭૯ ઉમેદવારો પૈકી તમામના ભાવિનો ફેંસલો કરવા માટે ૧૪.૨૦ કરોડ કુલ મતદારો પૈકી મોટા ભાગના મતદારો બહાર નિકળ્યા હતા. પ્રથમ તબક્કામાં કુલ ૧.૭૦ લાખ પોલિંગ બુથ ઉભા કરવામાં આવ્યા હતા જ્યાં મતદારોએ ઉત્સાહપૂર્વક તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. પ્રથમ તબક્કાના મતદાનને લઈને તમામ મતદાનવાળા રાજ્યોમાં તમામ તૈયારી પહેલા જ કરી લેવામાં આવી હતી. મતદાન બાદ મહારાષ્ટ્રમાં સાત સીટો પર ૧૨૨ ઉમેદવારો ભાગ્ય ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. આવી જ રીતે ઉત્તરપ્રદેશમાં પાંચ બેઠકો પર ૫૨ ઉમેદવારોના ભાવિ સીલ થઈ ગયા હતા. ઉત્તરાખંડમાં પાંચ બેઠકો પર બાવન ઉમેદવારોના ભાવિ પણ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા.

પ્રથમ તબક્કામાં આજે જે રાજ્યોમાં મતદાન થયું હતું તે પૈકી આંધ્રપ્રદેશમાં ૨૫, અરુણાચલ-૨, આસામ-૫, બિહાર-૪, છત્તીસગઢ-૧, જમ્મુ કાશ્મીર-૨, મહારાષ્ટ્ર-૭, મણિપુર-૧, મેઘાલય-૨, મિઝોરમ-૧, નાગાલેન્ડ-૧, ઓરિસ્સા-૪, સિક્કિમ-૧, તેલંગાણા-૧૭, ત્રિપુરા-૧, ઉત્તરપ્રદેશ-૧૦, ઉત્તરાખંડ-૫, પશ્ચિમ બંગાળ-૨, આંદામાન અને નિકોબાર-૧, લક્ષદ્વિપ-૪ સીટ પર મતદાન થયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું હતુ. ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે તે પૈકી પ્રથમ તબક્કામાં આજે મતદાન થયું હતું. બીજા તબક્કામાં ૧૮મી, ત્રીજા તબક્કામાં ૨૩મી, ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે જ્યારે પાંચમાં તબક્કામાં છઠ્ઠી મે, છઠ્ઠા તબક્કામાં ૧૨મી મે અને ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે.તમામ તબક્કાની મતગણતરી એક સાથે ૨૩મી મેના દિવસે યોજાશે. આનો મતલબ એ થયો કે, ૧૭મી લોકસભામાં સત્તાની ચાવી કોની પાસે આવશે તે અંગેનો ફેંસલો ૨૩મી મેના દિવસે થશે. પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોમાં ૯૧ સીટો ઉપર મતદાન થનાર છે. બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૯૭ સીટ પર મતદાન થનાર છે. ચોથા તબક્કામાં નવ રાજ્યોમાં સાત સીટો ઉપર મતદાન થનાર છે. પાંચમાં તબક્કામાં સાત રાજ્યોની ૫૧ સીટો ઉપર મતદાન યોજાનાર છે. છઠ્ઠા તબક્કામાં સાત રાજ્યોની ૫૯ સીટો ઉપર મતદાન થશે જ્યારે સાતમા અને અંતિમ તબક્કા માટે આઠ રાજ્યોની ૫૯ સીટ ઉપર મતદાન થશે. આંધ્રપ્રદેશની સાથે સાથે સિક્કિમમાં લોકસભાની ચૂંટણીની સાથે વિધાનસભા ચૂંટણી માટે પણ આજે મતદાન થયું હતું. સિક્કિમની ૩૨ વિધાનસભા સીટ માટે મતદાન થયું હતું. અરુણાચલમાં પણ વિધાનસભા ચૂંટણી માટે મતદાન થયું હતું. આ વખતે તમામ મતદાન મથકો ઉપર વીવીપેટની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ચકાસણી.... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સંસદીય મતવિસ્તારમાં આવા મતદારોની સંખ્યા ૧૧,૦૦૦થી વધુ છે જે નોંધનીય છે. જોકે જેમને મદદની જરૂરિયાત હોય તેવા દિવ્યાંગ મતદારોની સંખ્યા ૨૫૦૦ જેટલી હોવાનું જાણવા મળેલ છે.

મોદી સામે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ફર્સ્ટ વોટરને કરાયેલી અપીલના મામલે ચૂંટણી આચારસંહિતા ભંગની કેન્દ્રીય ચૂંટણીપંચને ગઈકાલે ફરિયાદ કરતાં આ બાબત રાજકીય વર્તુળોમાં ચર્ચાસ્પદ બની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગત તા.૯ એપ્રિલે મહારાષ્ટ્રના લાતુરમાં ચૂંટણી સભાને સંબોધતાં ફર્સ્ટ વોટરને અપીલ કરતાં જણાવ્યું હતું કે શું આપનો પહેલો વોટ પાકિસ્તાનના બાલાકોટમાં એર સ્ટ્રાઈક કરનારા જવાનોને સમર્પિત થઈ શકે છે? શું આપનો પહેલો વોટ પુલવામાં જે વીર શહીદ થયા છે તે વીર શહીદોનાં નામ પર સમર્પિત થઈ શકે છે? અર્જુન મોઢવાડિયાએ કેન્દ્રીય ચૂંટણીપંચ સમક્ષ ચૂંટણીની આદર્શ આચારસંહિતાના ભંગ તરીકે આ અપીલને ગણાવીને તે અંગે ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદમાં મોઢવાડિયાએ આચારસંહિતાના ઉલ્લંઘન બદલ વડા પ્રધાન મોદી સામે કાયદેસરની કાર્યવાહી કરવાની ચૂંટણીપંચ સમક્ષ માગણી કરી છે. દરમિયાન આજે મોઢવાડિયાએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન અને ભાજપે ૨૦૧૪માં પાકિસ્તાનના નામનો ઉપયોગ કર્યો હતો અને હવે ફરીથી વડાપ્રધાને પાકિસ્તાનના નામે વોટ માગ્યા છે. વડાપ્રધાન મોદી શહીદોની શહાદતના નામે વોટ માંગી તેમનું અપમાન કરી રહ્યા છે.

પાલનપુરના ચંડીસર જીઆઈડીસીની ઓઈલ મીલમાં ભિષણ આગથી અફરા-તફરી

પાલનપુર, તા. ૧૧

પાલનપુર તાલુકાના ચંડીસર ખાતે જીઆઈડીસીમાં આવેલી એક ઓઈલ મિલમાં બુધવારે વહેલી

સવારે એકાએક આગ લાગતાં ભારે અફરા- તફરી મચી જવા પામી હતી. જ્યાં પડેલો એરંડાની બોરીઓનો મોટાભાગનો જથ્થો બળીને ખાખ થઈ જતાં મીલના માલિકને મોટુ નુકશાન થવા પામ્યું હતુ. દરમિયાન પાલનપુર-ડીસા નગરપાલિકાના ફાયર ફાયટર દ્વારા પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો હતો.

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા પંદર દિવસથી આગના બનાવો બની રહ્યા છે. સરહદી વિસ્તારમાં ખેતીના પાકના ઢગલાઓમાં આગ લાગી હતી. તો વળી ભાભરમાં છેલ્લા બે દિવસથી કેબિનો સળગવાના બનાવ બને છે. પાલનપુરમાં મંગળવારે વાન સળગી હતી. આ ઘટનાઓ વચ્ચે પાલનપુર તાલુકાના ચંડીસર ખાતે જીઆઈડીસીમાં આવેલી કૈલાસ ઓઈલ મીલમાં બુધવારે વહેલી સવારે કોઈ અગમ્યકારણોસર ભીષણ આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતુ. આકાશમાં ધૂમાડાના ગોટેગોટા છવાઈ ગયા હતા. ઘટનાને પગલે ભારે અફરા-તફરી મચી જવા પામી હતી. દરમિયાન પાલનપુર-ડીસા નગરપાલિકાનો સ્ટાફ ફાયર ફાયટર સાથે ઘટના સ્થળે દોડી ગયો હતો અને પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. જોકે, ત્યાં સુધીમાં મીલમાં પડેલી એરંડાની બોરીઓ મોટા પ્રમાણમાં બળીને ખાખ થઈ જતાં મીલ માલિકને મોટુ નુકશાન થવા પામ્યું હતુ.

રાહુલ પર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાબડાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. અમેઠીમાં ઉમેદવારીપત્ર ભરવા પહોંચ્યા ત્યારે રાહુલ પર હુમલા માટેની યોજના તૈયાર કરવામાં આવી હતી. આના પર કેન્દ્ર સરકારે પણ જવાબ આપ્યો છે. ગૃહમંત્રાલય તરફથી કહેવામાં આવ્યું છે કે, તેમને કોંગ્રેસ તરફથી હજુ સુધી કોઈપણ લેખિતમાં ફરિયાદ મળી નથી. વિડિયો સામે આવ્યા બાદ તેઓએ એસપીજી પાસેથી સફાઈ માંગી હતી. ગૃહમંત્રાલયના કહેવા મુજબ એસપીજીના ડિરેક્ટરે કહ્યું છે કે, જે લીલી લાઈટ વિડિયોમાં દેખાઈ રહી છે તે એઆઈસીસીના કેમેરામેન દ્વારા ઉપયોગ કરવામાં આવી રહેલા ફોન છે. આ પહેલા પત્રમાં કહેવામાં આવ્યું હતું કે, કોંગ્રેસ તરફથી સિનિયર નેતા અહેમદ પટેલ, જયરામ રમેશ અને રણદીપ સૂરજેવાલાએ પત્ર મોકલ્યો હતો. પત્રમાં કોંગ્રેસ તરફથી રાહુલની જાન સામે ખતરો હોવાની વાત કરવામાં આવી હતી. સુરક્ષામાં ખામીને લઈને કોંગ્રેસ પાર્ટીએ ઉત્તરપ્રદેશની યોગી સરકાર ઉપર પ્રહાર કર્યા હતા. રાહુલ ગાંધી ૧૦મી એપ્રિલના દિવસે અમેઠી પહોંચ્યા હતા.